# વડતાલ મંદિરમાં 19210 સ્ક્વેર ફૂટ જગ્યામાં 5 હજારથી પણ વધુ વાનગીનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શનિવારે નુતન વર્ષના રોજ 5 હજારથી વધુ વિવિધ વાનગીઓનો મહાઅન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે મહાઅન્નકૂટની આરતી ઉતારી હતી. તેમની સાથે મંદિરના ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, મુખ્ય કોઠારીશ્રી ડો. સંતવલ્લભદાસજી સ્વામી તેમજ સંપ્રદાયના વડીલ સંતો પણ જોડાયા હતા. વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ મહાઅન્નકૂટની માહિતી આપતા જણાવ્યું હતું કે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ તા. 7 થી 15 નવેમ્બર દરમિયાન ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાનાર છે. જે અંતર્ગત વડતાલ મંદિરમાં આવેલ હરીમંડપ પાછળના ગ્રાઉંડમાં 19210 સ્ક્વેર ફૂટ જગ્યામાં ભવ્ય ડોમ બનાવવામાં આવ્યો છે.

### ઉજજીવન સ્મોલ ફાઇનાન્સ બેન્ક દ્વારા 19 .41 લાખના ખર્ચે 3 સાધનો અપાયાં

## આણંદની જનરલ હોસ્પિટલમાં બ્લડ બાયો કેમેસ્ટ્રી માટે અદ્યતન સાધનો વસાવાયાં

**સુગર, કિડની** ફંક્શન ટેસ્ટ, લિપિડ પ્રોફાઈલ, લીવર ફંક્શન ટેસ્ટ, ફોસ્ફરસ વગેરેના ટેસ્ટ થઈ શકશે




(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદની જનરલ હોસ્પિટલ ખાતે દર્દીને રિપોર્ટ માટે અગવડતા ન પડે તે માટે રૂ.19.41 લાખના ખર્ચે અદ્યતન સાધનો વસાવવામાં આવ્યાં છે. ઉજજીવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક દ્વારા આ અંગે સહાય કરવામાં આવી હતી. આ સુવિધામાં વધારો કરતા ત્રણ સાધનો આણંદના ધારાસભ્યના હસ્તે સુપ્રત કરવામાં આવ્યા હતા.

આણંદ જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન ડો. અમર પંડ્યા એ જણાવ્યું હતું કે, હોસ્પિટલને ઉજજીવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક તરફથી તેમના સીએસઆર ફંડમાંથી રૂ.19.41 લાખના ખર્ચે આ અદ્યતન સુવિધા માટે ત્રણ સાધનો મળ્યાં છે. જેમાં ફુલ્લી ઓટો બાયો કેમેસ્ટ્રી એનાલાઈઝર મશીન જેમાં બ્લડ બાયો કેમેસ્ટ્રીને લગતા પરીક્ષણ એટલે કે સુગર, કિડની ફંક્શન ટેસ્ટ, લિપિડ પ્રોફાઈલ, લીવર ફંક્શન ટેસ્ટ, કેલ્શિયમ, ફોસ્ફરસ વગેરેના ટેસ્ટ થઈ શકશે. આ ઉપરાંત આ મશીન દ્વારા દર કલાકે 200 જેટલા ટેસ્ટ થઈ શકશે. જેથી દર્દીઓને ઓછા સમયમાં તેમનો રિપોર્ટ મળી જશે. આ ઉપરાંત ઓટોમેટેડ બ્લડ કલ્ચર સિસ્ટમ દ્વારા બ્લડમાં અથવા બોડી ફ્લુઈડ ઈન્ફેક્શન હોય તેને માટે ઓટોમેશન સાધન છે. આ મશીન દ્વારા એક સાથે 40 બોટલોનું પરીક્ષણ થઈ શકશે અને અધ્યતન ફોલ્ડીંગ સ્ટ્રેચર ઈમરજન્સીમાં દર્દીને રિફર કરવા માટે ખૂબ ઉપયોગી થશે.

## વડોદ પાસે કાર ટક્કરે વૃદ્ધાનું કરુણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદના વડોદ ગામમાં રહેતા રાજુભાઈ કનુભાઈ જારીયાના માતા શારદાબહેન કનુભાઈ જારીયા (ઉ.વ.64) 5મી નવેમ્બરના રોજ સવારના સાડા છ વાગે ઘર બહાર બેઠાં હતાં. આ દરમિયાન સાતેક વાગ્યાના સુમારે પુરપાટ ઝડપે કાર ધસી આવી હતી અને શારદાબહેનને ટક્કર મારી ધડાકાભેર દિવાલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં શારદાબહેનનું માથુ ફાટી ગયું હતું. આથી, તાત્કાલિક 108ને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી. પરંતુ સ્ટાફે તેમને મૃત્યું પામેલા જાહેર કર્યાં હતાં. જ્યારે અકસ્માત સર્જનાર કાર ચાલક સ્થળ પરથી ભાગી ગયો હતો. આ અંગે રાજુભાઈએ કાર નં.જીજે 2 ડીએ 9392ના ચાલક સામે ફરિયાદ આપી હતી.

## આણંદ જિલ્લામાં મેળાની મૌસમ પૂરબહારમાં ખીલી

**ખંભાતના** ચકડોળ મેદાનનો મેળો અને ધર્મજ જલારામ મંદિરનો મેળો સહિત વિવિધ નૂતન વર્ષના માહોલમાં 15 થી વધુ મેળાઓ યોજાય છે



(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ જિલ્લામાં નૂતન વર્ષના પ્રારંભ થવાના ઉલ્લાસ આનંદ ભર્યા માહોલમાં સમગ્ર જીલ્લામાં મેળાઓની મૌસમ પણ પુરબહારમાં ખીલી ઊઠી છે. આણંદમાં સૌથી વધુ પ્રચલિત ખંભાતના ચકડોળ મેદાનનો મેળો અને ધર્મજ જલારામ મંદિરનો મેળો સહિત વિવિધ નૂતન વર્ષના માહોલમાં 15 થી વધુ મેળાઓ યોજાય છે. જેમાં ખૂબ મોટી સંખ્યામાં મેળા રસિયાઓ પહોંચીને પરિવાર અને મિત્રો સાથે નવા વર્ષના દિવસોની ઉજવણી કરે છે.

સમગ્ર આણંદ જીલ્લામાં નૂતન વર્ષના પ્રારંભ સાથે જ મેળાનો રંગભર્યો માહોલ છવાય જાય છે. દિવાળીપર્વના આનંદ ઉલ્લાસ અને ધાર્મિકતા ભર્યા માહોલમાં તહેવારોમાં એક દિવસથી માંડીને બે પાંચ દિવસ કે સપ્તાહ કે પંદર વીસ દિવસ સુધી લોક મેળાની મજા માણવામાં લોકો વ્યસ્ત રહે છે. શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં યોજતા લોકમેળાઓમાં નાના-મોટા ધંધાર્થીઓ પોતાની આજીવિકા મેળવે છે. મેળામાં ખાણી પીણી સહિત વિવિધ ચકડોળ રાઈડ અવનવી રમતો, આનંદ પ્રમોદના સાધનોના વ્યવસાય માટે આણંદ જિલ્લાના વિવિધ શહેરો ગામોના વેપારીઓ તેમજ અન્ય પ્રાંતમાંથી લોકો વ્યવસાય કરવા માટે આવે છે. આ ઉપરાંત સ્થાનિક ધંધાર્થીઓ પણ પોતાની આજીવિકા મેળવે છે.

દિવાળી પર્વ નિમિત્તે મેળાઓનો માહોલ શરૂ થઈ ગયો છે જેથી સમગ્ર જીલ્લામાં હાલ જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મેળામાં વિવિધ રાઈડ આકર્ષણનું કેન્દ્ર બને છે. લોકો અહીંયા રાઈડમાં બેસવાની સાથે સાથે ખાણી-પીણીના સ્ટોલ પર ખાવા પીવાનો આનંદ માણે છે. સાથે સાથે જ મેળામાં અલગ અલગ ખરીદી માટેના સ્ટોલ હોવાથી મહિલાઓ ખરીદી કરે છે. શહેરો સહિતના ગ્રામીણ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં મેળાઓમાં મ્હાલવા જનમેદની ઉમટી પડે છે. જોકે, મોટેભાગે સાંજના સમયે મોટી સંખ્યામાં લોકો મેળાનો આનંદ માણવા આવતા હોય છે.

### ધર્મજ અને ખંભાત ખાતે રાત્રી મેળાનું આકર્ષણ યથાવત્

ખંભાતના ચકડોળ મેદાનનો મેળો સમગ્ર જીલ્લામાં સૌથી વધુ 20 દિવસનો મોટામાં મોટો મેળો ગણાય છે. નુતન વર્ષના પ્રારંભના પાંચ દિવસ અગાઉથી મેળાની શરૂઆત થાય છે. જે છેક દેવ દિવાળી સુધી યોજાય છે. બીજા નંબરે ધર્મજ ગામના પ્રસિદ્ધ તિર્થધામ સમાન જલારામ મંદિર ખાતે નૂતન વર્ષના પ્રારંભ દિવસથી સંત શિરોમણી જલારામબાપાની જન્મજયંતી સુધી કુલ 7 દિવસ પરંપરાગત રીતે મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે.

## પેટલાદ નજીક ટ્રક ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

**સુરતના** બે ભાઇ દિવાળી નિમિત્તે વતન સાવરકુંડલા જતા હતા

(પ્રતિનિધિ) પેટલાદ તા.6

પેટલાદમાંથી પસાર થતાં ધોરી માર્ગ પર માણેજ ગામ પાસે બ્રિજ ઉપર ટ્રક ચાલકે અચાનક ટ્રેક બદલતા પાછળ બાઈક પર જઈ રહેલા સુરતના બે ભાઈને ટક્કર વાગી હતી. જેમાં બન્ને ભાઈ રસ્તા પર પટકાયાં હતાં. આ અકસ્માતમાં નાના ભાઈનું મોત નિપજ્યું હતું. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

સુરતના કતારગામમાં રહેતા હર્ષદ રવજીભાઇ આંબલીયા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. જ્યારે તેની સાથે તેનો નાનો ભાઈ વિવેક રવજીભાઈ આંબલીયા હતો, જે સુરતમાં ડાયમંડના કલાસીસ ચલાવતો હતો. આ બન્ને ભાઈ 4થી નવેમ્બરના રોજ બાઈક પર સુરતથી તેમના વતન સાવરકુંડલાના દોલતી ગામમાં જવા નિકળ્યાં હતાં. આ સમયે હર્ષદ બાઈક ચલાવતો હતો. તેઓ નવેક વાગ્યાની આસપાસ બોચાસણ ટોલટેક્સ પાસે બાઈક વિવેકને ચલાવવા આપી હતી. તેઓ માણેજ ગામના બ્રિજ પરથી પસાર થતાં હતાં, તે સમયે ત્રીજી એટલે કે છેલ્લી લાઇનમાં ચાલતા સમયે અચાનક અજાણ્યો ટ્રક તેમની બાજુ આવી ગયો હતો. આ ટ્રકના ચાલકે કોઈ પણ પ્રકારની સાઈડ લાઈટ આપ્યા વગર લાઇનમાં આવી જતાં ટ્રકનો સાઇડનો ભાગ બાઈકને અથડાયો હતો. જેના કારણે બાઈક પરનો કાબુ ગુમાવતા બન્ને ભાઈ રસ્તા પર જ પટકાયાં હતાં. જેમાં વિવેકને માથામાં સહિતના ભાગે ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જી દીધા બાદ ટ્રક ચાલક ભાગી ગયો હતો.

આમ, અજાણ્યા ટ્રક ચાલકે વચ્ચેની લાઇનમાંથી ત્રીજી લાઈનમાં અચાનક આવી જતાં આ અકસ્માત સર્જાયો હતો. જે અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે હર્ષદ આંબલીયાની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## સોજિત્રામાં ખાનગી બસના ચાલક પર જીવલેણ હુમલો

**રીક્ષા ચાલકે** બસ આડે વાહન ઉભુ રાખી સળીયો માથામાં માર્યો

(પ્રતિનિધિ) સોજિત્રા, તા.6

સોજિત્રાના જુના બસ સ્ટેન્ડ પાસે વિટકોસ બસના ચાલકને આંતરી તેમના માથામાં સળીયાનો ઘા ઝીંકી જીવલેણ ઈજા પહોંચાડી હતી.

સોજિત્રાના પલોલ ગામમાં રહેતા કિરીટ શનાભાઈ પરમાર આણંદની વિટકોસમાં ફરજ બજાવે છે. કિરીટભાઈ 4થી નવેમ્બરના રોજ કંડકટર લાલજીભાઈ સોલંકી સાથે આણંદ ડેપોથી બસ લઈને તારાપુર જવા નિકળ્યાં હતાં. તેઓ બપોરના સોજિત્રા ગામમાં જુના બસ સ્ટેન્ડ તરફ આવતા ટ્રાફિક વધુ હોવાથી એસટી આગળ લેવા માટે હોર્ન માર્યો હતો. આ દરમિયાન રીક્ષાનો ચાલક આવ્યો અને ઈરાદાપૂર્વક તેણે રીક્ષા બસની આગળ ઉભી રાખી હતી. બાદમાં અપશબ્દ બોલવા લાગ્યો હતો. આ સમયે આસપાસની લારીવાળા પણ ભેગા થયાં હતાં. જેમાં હુમલાખોર શખ્સે બસને સળગાવી દો તેમ કહેવા લાગ્યો હતો. બાદમાં રીક્ષા ચાલક ક્યાંકથી લોખંડની પાઈપ લઈને દોડી આવ્યો હતો અને બસનો દરવાજો ખોલી કિરીટભાઈ પરમારના માથામાં જોરદાર ઘા મારી જીવલેણ ઈજા પહોંચાડી હતી. આ અંગે તપાસ કરતાં હુમલાખોર રીક્ષા ચાલક નઈમ નજીર વ્હોરા (રહે. સોજિત્રા) હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે કિરીટભાઈ પરમારની ફરિયાદ આધારે સોજિત્રા પોલીસે નઈમ નજીર વ્હોરા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.











